અપીલ અરજી નં.૧૭૪ તા.૩–૯–૧૦/૧૧

અરજદારઃ– શ્રી ડો.ભરતભાઈ મકવાણા
સામાવાળાઃ– (૧)કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)
(૨) આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિ.(હે અને હો) અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી ડો.ભરતભાઈ મકવાણાની તા.૨૮–૭–૧૦ ની અરજીથી મુદ્દા નં.(૧) રેસીડન્ટ સોસા.માં કોમર્શીયલ હેતુ માટે સંસ્થાની પરમીશન આપી શકાય ખરી અને કોમર્શીયલ સંસથા ધ્વારા આંતરિક રસ્તાઓમાં ટ્રાફીકની સમસ્યા સોસા.મા ઉભી થાય તો આપશ્રીની કચેરી બંધ કરાવી શકે ખરી. મુદ્દા નં.(૨) અઠવાઝોનમાં સમાવિષ્ટ થતી અંબા નગરની શીવકૃપા સોસા. પ્લોટ નં.૪૭–બી ખાતે ચાલતી શ્રીજી બાસમતી એન્ડ એન્ટરપ્રાઈઝ સંસ્થા મહાનગરપાલિકામાં નોધાય છે ખરી અને કયા કયા લાયસન્સ કોના નામ પર અને કઈ સાલમાં કઈ તારીખે આપવામાં આવ્યા છે તે ગુમાસ્તાધારા અને આરોગ્ય ખાતા આમ બંને લાયસન્સોની ઝેરોક્ષ કોપીઆપવી વિગેરે મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૩–૯–૧૦ ની **SMC/FAP/** નં.૧૭૪/૨૦૧૦–૧૧

શ્રી ડો.ભરતભાઈ મકવાણાની તા.૨૮–૭–૧૦ ની અરજીથી મુદ્દા નં.(૧) રેસીડન્ટ સોસા.માં કોમર્શીયલ હેતુ માટે સંસ્થાની પરમીશન આપી શકાય ખરી અને કોમર્શીયલ સંસથા ધ્વારા આંતરિક રસ્તાઓમાં ટ્રાફીકની સમસ્યા સોસા.મા ઉભી થાય તો આપશ્રીની કચેરી બંધ કરાવી શકે ખરી. મુદ્દા નં.(૨) અઠવાઝોનમાં સમાવિષ્ટ થતી અંબા નગરની શીવકૃપા સોસા. પ્લોટ નં.૪૭–બી ખાતે ચાલતી શ્રીજી બાસમતી એન્ડ એન્ટરપ્રાઈઝ સંસ્થા મહાનગરપાલિકામાં નોધાય છે ખરી અને કયા કયા લાયસન્સ કોના નામ પર અને કઈ સાલમાં કઈ તારીખે આપવામાં આવ્યા છે તે ગુમાસ્તાધારા અને આરોગ્ય ખાતા આમ બંને લાયસન્સોની ઝેરોક્ષ કોપીઆપવી વિગેરે મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી આપવા બાબતે આપેલ માહિતીના મુદ્દા નં. ૧ થી ૧૧ ના જવાબમાંથી માત્ર એક બે જ મુદ્દાના જવાબ મળ્યા છે બાકીના મુદ્દાઓના સંતોષકારક જવાબ મળેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩–૯–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૬૮૫ તા.૧૩–૯–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) ને તથા અરજદારને અપીલ અરજીમાં કયા જાહેર માહિતી અધિકારીને અરજી કરેલ તે વિગતો, તબદીલી હોય તો તે, મુળ અરજીની નકલ,ફી ભર્યાની વિગત વિગેરે જણાવેલ ન હોઈ તે માટે કયા મુદ્દાની માહિતી મળેલ છે અને કયા મુદ્દાની મળેલ નથી તેમજ મળેલ માહિતીમાં શી વિગતે નારાજગી છે તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન /અઠવા/ આરટીઆઈ / આ.નં.૬૫૨ તા.૧૬–૯–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં. સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૪૫૯ તા.૨–૮–૧૦ થી મુદ્દા નં.૨,૩ તથા ૮ ની આંશિક માહિતી તથા મુદ્દા નં.૭ અને ૧૦ ની સંપૂર્ણ માહિતી માટે આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારીને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૫૧૨ તા.૯–૮–૧૦ ના પત્રથી અરજદારને આપેલી માહિતી અંગેની નકલ તથા તે પોસ્ટ કર્યા અંગેની એકનોલેજમેન્ટ સ્લીપની નકલ અત્રેના વિભાગને મળ ેલ છે. જયારે અરજદાર તરફથી અઠવાઝોનમાં તા.૨૦–૯–૧૦ ના રોજ આપેલ પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૨૮–૭–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી માંગણી અરજી અઠવાઝોન ખાતે કરવામાં આવેલ. અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૪૫૯ તા.૨–૮–૧૦ મુદ્દા નં.૨,૩ તથા ૮ ની આંશિક માહિતી તથા મુદ્દા નં.૭ અને ૧૦ ની સંપૂર્ણ માહિતી માટે આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૫૧૨ તા.૯–૮–૧૦ થી અરજદારને માહિતી આપવામાં આવેલ તથા આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી તરફથી જાવક/પીએચડી/ફુડ/ ૩૪૮ તા.૯–૮–૧૦ થી તબદીલના મુદ્દા ૨,૩,૮ અંશતઃ તથા મુદ્દા નં.૭ અને ૧૦ ની માહિતી આપવામાં આવેલ. અરજદારની અરજીથી માંગવામાં આવેલ મુદ્દાઓ મુદ્દા નં.(૧) રેસીડન્ટ સોસા.માં કોમર્શીયલ હેતુ માટે સંસ્થાની પરમીશન આપી શકાય ખરી અને કોમર્શીયલ સંસ્થા ધ્વારા આંતરિક રસ્તાઓમાં ટ્રાફીકની સમસ્યા સોસા.મા ઉભી થાય તો આપશ્રીની કચેરી બંધ કરાવી શકે ખરી.તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રેસીડન્ટ સોસા.માં કોમર્શીયલ હેતુ માટે સંસ્થાની પરમીશન ધંધાને અનુલક્ષીને સુરત મહાનગરપાલિકાના નિતી નિયમો મુજબ આપી શકાતું હોય તો આપી શકાય. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) અઠવાઝોનમાં સમાવિષ્ટ થતી અંબા નગરની શીવકૃપા સોસા. પ્લોટ નં.૪૭–બી ખાતે ચાલતી શ્રીજી બાસમતી એન્ડ એન્ટરપ્ર ાઈઝ સંસ્થા મહાનગરપાલિકામાં નોધાયા છે ખરી અને કયા કયા લાયસન્સ કોના નામ પર અને કઈ સાલમાં કઈ તારીખે આપવામાં આવ્યા છે તે ગુમાસ્તાધારા અને આરોગ્ય ખાતા આમ બંને લાયસન્સોની ઝેરોક્ષ કોપી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સા.વે.ઝોન અઠવાઝોન વિસ્તારમાં સમાવિષ્ટ થતી અંબાનગર શિવકૃપા સોસા. પ્લોટ નં.૪૭/બી ખાતે ચાલતી શ્રીજી બાસમતી એન્ડ એન્ટર પ્રાઈઝ સંસ્થા સા.વે.. અઠવાઝોનના આવેલ દુકાનો અને સંસ્થાઓના નિરીક્ષક તરફથી તા.૮–૯–૦૯ ના રોજ રજીસ્ટ્રેશન નં.સા.વે.ઝોન/અઠવા/એસ/મજુરા/૬૦૫૪૧૩ થી સંસ્થાની નોંધણી અંગે પ્રમાણપત્ર આપવામાં આવેલ છે. તેવી અંશતઃ માહિતી પૂરી પાડવામાં આવેલ છે. પરંતુ પીએફએ હેઠળ આરોગ્ય વિભાગ તરફથી આપવામાં આવેલ લાયસન્સની માહિતી બાબતે તમારી અરજી આરોગ્ય અધિકારીને તબદીલ કરવામાં આવેલ છે. સા.વે.ઝોન અઠવાઝોનમાં આરોગ્ય વિભાગ તરફથી તેઓને કોઈ પણ પ્રકારનું લાયસન્સ આપવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. તથા જાહેર માહિતી અધિકારી તરફથી આરોગ્યના ફુડ વિભાગ તરફથી અંબાનગરની શિવકૃપા સોસા. પ્લોટ નં.૪૭–બી ખાતે ચાલતી "શ્રીજી બાસમતી એન્ડ

એન્ટરપ્રાઈઝ" નામની સંસ્થાને ફુડ વિભાગ તરફથી પીએફએ એકટ હેઠળનું લાયસન્સ આપવામાં આવેલ નથી તેવું જણાવેલ છે. તેવી અંશતઃ માહિતી ફુડ વિભાગ તરફથી પણ આપવામાં આવેલ છે. આમ અરજદારને મુદ્દા નં. ર ની માહિતી આપવામાં આવેલ છે. મુદ્દા નં.(૩) આપશ્રીની કચેરીમાં સંસ્થા ન્યુસન્સ રૂપ હોવાથી સંસ્થા બંધ કરાવવા સોસા.ના રહીશો ધ્વારા સોસા.ના લેટરપેડ પર અરજીઓ આપવામાં આવી તે અરજીઓ કયુ કયુ ખાતુ અનુસરે છે અને જે તે ખાતા ધ્વારા અરજી સંદર્ભમાં શું કાર્યવાહી કરવામાં આવી અને કયા અધિકારીએ કાર્યવાહી કરી કઈ તારીખે કરી તે જણાવવું. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સા.વે અઠવાઝોનના આરોગ્ય વિભાગમાં તેઓએ કરેલ અરજીના અનુસંધાનમાં તેઓની સામે જાહેર રસ્તાઓ ઉપર ગંદકી કરવા બદલ વોર્ડના આરોગ્ય નિરીક્ષક તરફથી વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે. તથા મ્યુ. કોર્ટમાં પણ ૮૯૦/૧૦તથા ૮૯૧ / ૧૦ બીપીએમસી એકટ શીડયુલ ચેપ્ટર–૧૪ (૩)(ઈ) મુજબ ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. જે હાલમાં નામદાર કોર્ટમાં પેન્ડીંગ છે તેવું જણાવેલ છે. તથા અંશતઃ અંગે આરોગ્ય ફુડ વિભાગમાં તબદીલ કરવામાં આવેલ. જે અંગે ફુડ વિભાગ તરફથી ફુડ ઈન્સ્પેકટર શ્રી ડી કે. પટેલ ધ્વારા સદર સંસ્થાને વગર લાયસન્સ સબબની નોટીસ તા.૨૦–૭–૧૦ ના રોજ આપવામાં આવેલ છે તેવું જણાવેલ છે. આ રીતે અંશતઃ માહિતી ફુડ વિભાગ તરફથી પણ પૂરી પાડવામાં આવેલ છે આમ મુદ્દા નં.૩ ની માહિતી પૂરી પાડેલ છે. મુદ્દા નં.૪ અરજીના સંદર્ભમાં ઝોનલ ઓફિસર ખાટીવાલા સાહેબને લેખિતમાં તો અરજીઓ આપેલ છે પરંતુ મૌખિકમાં રૂબરૂ મુલાકાત કરી રજૂઆત કરેલ છે તેમ છતાં અરજી સંદર્ભમાં કોઈ પગલા ન લેવાયા તેનું ચોકકસ કારણ જણાવવું. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજીમાં દર્શાવેલ બાબત નિતી વિષયક છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૫ તા.૧–૭–૧૦ ના રોજ સમય આશરે ૫.૩૦ વાગે ઝોનલ ઓફિસર ખાટીવાલાએ ટેલીફોન ધ્વારા નાયબ આરોગ્ય અધિકારી ડો. ઉમરીગર સાહેબને સંસ્થા બંધ કરાવવા આદેશ કર્યો હતો તેમ છતાં ડો. ઉમરીગરે આદેશનું પાલન કર્યુ નથી તો તેમના પર શું પગલા લેવાશે અને કયારે લેવાશે તે જણાવવું. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજીમાં દર્શાવેલ બાબત નિતી વિષયક છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૬ અઠવાઝોનના નાયબ આરોગ્ય અધિકારી ડો. ઉમરીગરને સદર સંસ્થા વિશે મોબાઈલ ફોન ધ્વારા ફરીયાદ કરી ત્યારે તેઓએ જણાવ્યું મારા અંડરમાં નથી તો નાયબ આરોગ્ય ડો. ઉમરીગરના અંડરમાં કઈ કઈ બાબતો આવે તે જણાવવું. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજીમાં દર્શાવેલ બાબત નિતી વિષયક છે. વધુમાં અઠવાઝોનના નાયબ આરોગ્ય અધિકારીના કાર્યક્ષેત્રમાં બીપીએમસી એકટ હેઠળ ખાદ્ય તથા અખાદ્ય પદાર્થના પરવાના આપવાના બાબતની કાર્યવાહી કરવામાં આવે છે. વધુમાં સદર સંસ્થામાં આરોગ્ય વિભાગ મુખ્ય કચેરીના ચીફ ફુડ ઈન્સ્પેટર ધ્વારા સ્થળ તપાસ કરી પીએફએ હેઠળનો પરવાનો ડે.કમિ.(હે અને હો) મારફતે આપવામાં આવે છે તેવું જણાવેલ છે. મુદ્દા નં.૭ શ્રીજી બાસમતી એન્ડ એન્ટરપ્રાઈઝ સંસ્થાને આરોગ્ય ખાતાનું લાયસન્સ ઈસ્યુ કરાયુ હોય તો આરોગ્યખાતાનું લાયસન્સ લેતી વખતે મિલ્કતની બીયુસી હતી ખરી? અને બીયુસી હોય તો તેની આરોગ્ય ખાતા લાયસન્સની કોપી અને બીયુસીની ઝેરોક્ષ કોપી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આરોગ્ય અધિકારીને તબદીલ કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે.આરોગ્ય ફુડ વિભાગને તબદીલ થયેલ બાબતે સદર મુદ્દા અંગે શ્રીજી બાસમતી એન્ડ એન્ટરપ્રાઈઝ નામની સંસ્થાને ફુડ વિભાગ તરફથી પીએફએ એકટ હેઠળનું લાયસન્સ આપવામાં આવેલ નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.૮ જો કોઈ સંસ્થા ધ્વારા નાગરીકોને પરેશાની વેઠવી પડતી હોય અને નાગરીક ધ્વારા ન્યુસન્સ દુર કરવા સંયુકત અરજી આપવામાં આવે તો ન્યુસન્સ દુર કેટલા દિવસમાં કરાય. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નાગરીક ધ્વારા ન્યુસન્સ દુર કરવા સંયુકત અરજી મળે તે સમયે સ્થળ તપાસ કરી તાકીદે નિયમ અનુસાર કાર્યવાહી કરી વહીવટી ચાર્જ અથવા મ્યુ. કોર્ટમાં ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. જયારે મુદ્દા નં.૮ અંગે અંશતઃ આરોગ્ય ફુડ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે અંગે ન્યુસન્સ દુર કરવાની અરજી અંગે કેટલા દિવસમાં દુર કરાય તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ફુડ તરફથી શકય હોય તેટલી જલ્દી નિકાલ કરવામાં આવે તેવું જણાવેલ છે. મુદ્દા નં.૯ આપશ્રીની કચેરી ધ્વારા અગાઉ માંગવામાં આવેલી માહિતીના અનુંધાનમાં કચેરીએ જણાવેલ છે. મ્યુ. કોર્ટ દંડની કાર્યવાહી કરી છે. શ્રીજી બાસમતિ એન્ડ એન્ટરપ્રાઈઝને કેટલી વખત દંડ વસુલ કરવામાં આવ્યો દંડ વસુલાતની પાવતીની ઝેરોક્ષ આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સા.વે. અઠવાઝોન કચેરી ધ્વારા અગાઉ આપેલી માહિતીમાં જણાવ્યા મુજબ શ્રીજી બાસમતી એન્ડ એન્ટરપ્રાઈઝ સંસ્થાના માલિક સામે મ્યુ. કોર્ટમાં ફરીયાદ દાખલ કરેલ છે.સંસ્થાના માલિક પાસે ન્યુસન્સ બદલ વહીવટી ચાર્જ વસુલ કરેલ છે જે પાવતીની ઝેરોક્ષ નકલ મેળવવા ઓફિસ સમય દરમ્યાન રૂા.ર/– ભરપાઈ કરીને મેળવી શકશો. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૧૦ અઠવાઝોનમાં શ્રીજી એન્ડ એન્ટરપ્રાઈઝ કંપની જેવી બીજી કેટલી સંસ્થાઓ રેસીન્ડસમાં ચાલે છે તે નામ સરનામા સાથે જણાવવું. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આરોગ્ય અધિકારીને તબદીલ કરવામાં આવે છે તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી
અધિકારી આરોગ્ય તરફથી આવી કોઈ માહિતી ફુડ વિભાગ ખાતે ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.૧૧ તા.૭–૫–૧૦ ના સાંજના આશરે ૪.૧૫ કલાકે ડે.કમિ. શ્રી ઝાલા સાહેબશ્રીને રૂબરૂ મુલાકાત કરીને રજૂઆત કરેલ તેમણે હમારી અરજી ઉપર શેરો કરી અને યોગ્ય આદેશ આપેલો અને રૂબરૂ શ્રી ઝાલા સાહેબે જણાવેલ કે તમો ૪ થી ૫ દિવસ પછી ખાટીવાલા સાહેબને રૂબરૂ મળશો. પરંતુ આજ દિવસ સુધી આ સુચનાનું પાલન થયું કે નહીં અને ન થયું હોય તો તેના યોગ્ય કારણો જણાવો. તેવી માહિતી માંગવામાં આવેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી બાબતે મળેલા પ્રતિભાવથી નારાજ થઈ અરજદારે તા.૩–૯–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં મુદ્દા નં.૧ થી ૧૧ ના પ્રશ્નોના જવાબમાંથી માત્ર એક કે બે મુદ્દાના જવાબ મળ્યા છે બાકીના મુદ્દાઓના સંતોષકારક જવાબ મળ્યા નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જે બાબતે અરજદારને અત્રેથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૬૮૫ તા.ર–૮–૧૦ થી અપીલ અરજીમાં કયા જાહેર માહિતી અધિકારીને અરજી કરેલ તે વિગતો, તબદીલી હોય તો તે, મુળ અરજીની નકલ,ફી ભર્યાની વિગત પણ જણાવેલ ન હોઈ વિગતો તેમજ વધુમાં કયા મુદ્દાની માહિતી મળેલ છે અને કયા મુદ્દાની મળેલ નથી તેમજ મળેલ માહિતીમાં શી વિગતે નારાજગી છે તે પણ સ્પષ્ટ કરવા પત્ર પાઠવી એક તક આપવા છતાં અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો પૂરી પાડેલ નહી પરંતુ તા.૨૦–૯–૧૦ ના પત્રથી સુનાવણી માંગવા રજૂઆત કરવામાં આવેલ. જે બાબતે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૭૪૫ તા.ર૪–૯–૧૦ થી તા.૧–૧૦–૧૦ ના રોજ બપોરે ૪.૦૦ કલાકે સુનાવણી રાખવામાં આવેલ છે. જેમાં અરજદાર હાજર રહી મુદ્દા નં.૧ રહેઠાણમાં કોમર્શીયલ લાયસન્સ આપી શકાય અને કયા સંજોગોમાં. મુદ્દા નં.ર લાયસન્સની કોપી અંગે રજૂઆત કરેલ છે. મુદ્દા નં.૩ મુળ અરજીની નકલ અપીલ સાથે રજૂ કરેલ નથી. પરંતુ સુનાવણી દરમ્યાન તા.૪–૬–૦૯ ની અરજીની નકલ રજૂ કરેલ છે. તે બાબતે સોસા.માં ન્યુસન્સ ઉભું થાય તેથી કારખાનું બંધ કરવા રજૂઆત કરેલ છે. મુદ્દા નં.૪ પગલા લેવાયા નથી. મુદ્દા નં.૫ યોગ્ય પ્રત્યુત્તર મળેલ નથી. દંડ કરવાથી અમારો પ્રશ્ન દુર થતો નથી તકરાર ઉભી છે. તેમની તકરાર નિવારણની રજૂઆત છે. મુદ્દા નં.૬ ડો. ઉમરીગર ફોન ઉપર આપેલ રીપ્લાય સંતોષકારક નથી મુદ્દા નં.૭ માહિતી પૂરી પાડેલ નથી. મુદ્દા નં.૮ ન્યુસન્સ દુર કરવાની રજૂઆત કરેલ છે. મુદ્દા નં.૯ અરજદરે નામદાર કોર્ટની દંડ

વસુલાતની નકલ માંગેલ છે તથા મુદ્દા નં.૧૦ ની માહિતી મળેલ નથી. તેવી રજૂઆત અરજદારે અપીલની સુનાવણી વખતે રજૂઆત કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી કાર્યપાલક ઈજનેર અઠવાઝોન હાજર રહી બચાવપક્ષે રજૂઆત કરવામાં આવેલ.જેમાં જાહેર માહિતી અધિકારી આરોગ્ય એ આઈએએસની ટ્રેનીંગની મીટીંગમાં વ્યસ્ત હોવાના કારણે સમયસર હાજર રહી શકેલ નહીં પરંતુ ૫.૩૦ કલાકે હાજર રહી લેખિતમાં રજૂઆત કરેલ. કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનએ સુનાવણી દરમ્યાન અરજદારની સુનાવણીના મુદ્દા નં.૧ની રજૂઆત બાબતે લાયસન્સ આપી શકાય તેવો જવાબ આપેલ. કયા સંજોગોમાં તે પ્રશ્ન મુળ અરજીથી પૂરક હોવાનું જણાવેલ. મુદ્દા નં.ર ની રજૂઆત બાબતે જાહેર માહિતી અધિકારીએ 'બી' રજીસ્ટરના ઉતારા આપી શકાશે તેવું જણાવેલ પરંતુ તેઓ સાથે લઈ આવેલ તથા 'એ' ફોર્મની નકલ સુનાવણી સમયે અરજદારને પૂરી પાડેલ છે. તથા આરોગ્ય વિભાગ તરફથી સદર સંસ્થા લાયસન્સ વગર ચાલતી હોય તા.૨૦–૭–૧૦ ના રોજ વિના લાયસન્સે ધંધો કરવા સબબ નોટીસ બજાવેલ છે.તથા ત્યાર બાદ તા.૨૭–૮–૧૦ ના રોજ મ્યુ. કોર્ટમાં પીએફએ/૨૫ –૧૦ થી કેસ દાખલ કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૩ ની રજૂઆત બાબતે મ્યુ. કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવેલ છે જેનો કેસ નં.૩૧૭૧૦ મ્યુ. કોર્ટ ધ્વારા રૂા.૭૦૦/– નો દંડ ફરમાવવામાં આવેલ છે મુદા નં.૪ ની રજૂઆત બાબતે પગલા લેવાયેલા નથી જે બાબતે જાહેર માહિતી અધિકારીના મુદ્દા નં.ર અને ૩ ના માં જણાવ્યા મુજબ કોર્ટ કેસ થયેલ છે પણ અરજદારને માહિતી અરજીમાં તેનો નિર્દિષ્ટ કરેલ નથી. મુદ્દા નં.૫ ની રજૂઆત બાબતે સંસ્થાને બંધ કરવાનો આદેશ નથી પરંતુ ન્યુસન્સ માટે પગલા લેવાનો છે ૮૯૦/૧૦ અને ૮૯૧/૧૦ બે કેસ થયેલ છે અને બંને કેસમાં નામદાર અદાલત ધ્વારા રૂા.૨૦/– ૨૦/– નો દંડ કરેલ છે. અને મહાનગરપાલિકાના વહીવટના ચાર્જના રૂા.૧૦૦૦/– વસુલ લીધેલ છે. મુદ્દા નં.૭ ની રજૂઆત બાબતે જાહેર માહિતી અધિકારીએ પીએફએ એકટ હેઠળનું લાયસન્સ આપવામાં આવેલ નથી જે અંગે મુદ્દા ન.ર માં કાર્યવાહી કરવામાં આવેલ છે. મુદ્દા નં.૮ ની રજૂઆત બાબતે ન્યુ સન્સ કેટલા દિવસમાં દુર થાય તે અંગે કોઈ ચોકકસ ધોરણ નથી તેમ છતાં અરજદારે આપેલી માહિતીમાં શકય હોય તેટલી જલ્દી તેવો જવાબ આપેલ છે. અને તેના પ્રત્યુત્રમાં મ્યું. કોર્ટમાં ફરીયાદ દાખલ કરેલ હોઈ કોર્ટના નિર્ણયને આધીન છે. મુદ્દા નં.૯ ની રજૂઆત બાબતે નામદાર કોર્ટે દંડ કરેલ હોય પાવતી અઠવાઝોનના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી અને વહીવટી ચાર્જ મહાનગરપાલિકાએ વસુલ કરેલ હોય તેની ઝેરોક્ષ નકલ અરજદારને સુનાવણી વખતે આપવામાં આવેલ છે. મુદ્દા નં.૧૦ ની રજૂઆત બાબતે માહિતી આરોગ્ય ફુડ વિભાગ ખાતે ઉપલબ્ધ નથી તેવું અરજદારને જણાવેલ છે. વધુમાં જાહેર માહિતી અધિકારી અઠવાઝોન ધ્વારા જણાવેલ કે પ્રશ્ન હેઠળની સંસ્થા અને સોસા.વાળો રોડ સોસા. ધ્વારા જાહેર રોડ તરીકે મહાનગરપાલિકાને સોંપેલ છે. જેથી જાહેર જનતા ધ્વારા તે રોડનો ઉપયોગ કરતાં અટકાવી શકાય નહીં. આમ બંને જાહેર માહિતી તરફથી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

અત્રે એ પણ સૂચક છે કે અરજદારને જાહેર માહિતી અધિકારી ફુડ ધ્વારા સમય મર્યાદામાં આરપીએડી પત્રથી માહિતી મોકલેલ હોવા છતાં અને તેમને મળેલ હોવા છતાં અપીલ અરજીમાં અને સુનાવણી તબકકે નહીં મળ્યાની સત્યથી વેગળી રજૂઆત કરેલ છે. અરજદારે તેમના તા.૨૦–૯–૧૦ ના પત્રમાં સ્વયં ફુડ વિભાગના પત્ર નં.૩૪૮ તા.૯–૮–૧૦ નો ઉલ્લેખ કરેલ છે એ સૂચક છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા (જે) અન્વયે જાહેર માહિતી અધિકારી પાસેની અને નિયંત્રણ હેઠળની ઉપલબ્ધ માહિતી આપવાની જોગવાઈ ધ્યાને લેતાં મુદ્દા નં.૧૦ નો પ્રત્યુત્તર સુસંગત જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૮–૭–૧૦ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી બંને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન અને આરોગ્ય તરફથી માહિતીની દફતરી ઉપલબધ હકીકતલક્ષી વિગતો પૂરી પડાયેલ હોઈ માહિતી અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારી ફુડ ધ્વારા વિસ્તારમાં આપેલ લાયસન્સ અંગે આરટીઆઈ એકટની કલમ૭(૩) સાથે નિયમ–૫ હેઠળની ફી ભરપાઈ કરી જાહેર માહિતી અધિકારી ફુડ નો આગોતરો સમય દિન –૭ માં મેળવી દફતરી તપાસણી ધ્વારા વિસ્તારમાં આવેલ ફુડ લાયસન્સની માહિતી મેળવવા સ્વતંત્ર છે. અરજદાર તરફથી તેવી રજૂઆત થયે અમલવારી કરવા આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિ. (હે અને હો) અને જાહેર માહિતી અધિકારી ફુડને જણાવવામાં આવે છે. અરજદારની અપીલ સુનાવણી વખતેની રજૂઆત દંડ કરવાથી અમારો પ્રશ્ન દુર થતો નથી તેવી તકરાર ઉભી કરી તેમની તકરાર નિવારણની રજૂઆત બાબતે તથા ફરીયાદને લગતી બાબતે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) કાર્ય પાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન),આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિ. (હે અને હો) અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય) .....જાણ તથા અમલ માટે

(૨) શ્રી ડો.ભરતભાઈ મકવાણા